National Achievement Survey - Class III

# ભાષા ધોરણ-3

**પ્રશ્નાવલિ ભરાવનાર ફિલ્ડ ઈન્વેસ્ટીગેટરે નીચેની બાબતો જાતે અંગ્રેજીમાં ભરવી.**

| કસોટી કોડ 1 2 | માધ્યમ કોડ |
|---|---|

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ : ____________________ (લાગુ પડતું હોય ત્યાં ✔ કરો) | વિદ્યાર્થી નં. ☐☐ કુમાર ☐ કન્યા ☐ |
| રાજ્યનું નામ : ____________________ | રાજ્ય કોડ ☐☐ |
| જિલ્લાનું નામ : ____________________ | જિલ્લા કોડ ☐☐ |
| શાળાનું નામ અને સરનામું : ____________________ | શાળા કોડ ☐☐ |
| શાળાનો વિસ્તાર : (લાગુ પડતું હોય ત્યાં ✔ કરો) | ગ્રામીણ ☐ શહેરી ☐ |
| કસોટી ભરાવનારનું નામ : ____________________ (ફિલ્ડ ઈન્વેસ્ટીગેટરનું) | સહી : |

**ફિલ્ડ ઈન્વેસ્ટિગેટર માટે સૂચનાઓ :**

- કસોટી પુસ્તિકા વહેંચતાં પહેલાં બધી જ વિગતો પૂરેપૂરી ભરો.
- બધી જ વિગતો ભરવી ફરજિયાત છે અને તે માત્ર અંગ્રેજી ભાષામાં હોવી જોઈએ. બધા જ કોડ આંતરરાષ્ટ્રીય અંકોમાં લખો. જેમ કે. 1, 2, 3...
- પ્રશ્નો મોટેથી અને ધીમી ગતિએ વાંચો. જેથી વિદ્યાર્થીઓ સમજી શકે. જો જરૂર જણાય તો પ્રશ્ન માત્ર એક જ વાર ફરીથી વાંચો.
- પ્રશ્નોના જવાબો વિદ્યાર્થીઓને પોતાની રીતે આપવા દો.
- વિદ્યાર્થીઓને જવાબ લખવા માટે અંદાજે બે મિનિટ સમયગાળો આપો.
- એક પછી એક એમ છેલ્લા પ્રશ્ન સુધી આ મુજબ કરો.
- સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ૯૦ મિનિટનો સમય લો.
- વિદ્યાર્થીઓને પ્રશ્નોના જવાબ આપવા માટે કોઈપણ મદદ કરવી નહીં કે કોઈ સંકેત આપવો નહીં.
- સાચા જવાબના ક્રમ ઉપર વિદ્યાર્થીઓને ◯ કરવા કહો.
- કસોટી પૂર્ણ થયા બાદ બધા જ વિદ્યાર્થીઓ પાસેથી કસોટી પુસ્તિકાઓ એકત્ર કરો.
- વિદ્યાર્થીઓને આપેલા ક્રમ અનુસાર કસોટી પુસ્તિકાઓ ચડતા ક્રમમાં ગોઠવો.
- વિદ્યાર્થીઓની હાજરીના પ્રમાણમાં વિદ્યાર્થીઓની કસોટી પુસ્તિકાઓ છે તેની ખાતરી કરો.

विद्यया ऽमृतमश्नुते

एन सी ई आर टी
NCERT

**રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ**

National Council of Educational Research and Training

**શૈક્ષણિક સર્વેક્ષણ વિભાગ**

2012

## શ્રવણ કૌશલ્ય

૧-૬. વાર્તા સાંભળ્યા પછી, નીચે આપેલા પ્રશ્નોના સાચા જવાબના ક્રમ ઉપર ◯ કરો.

૧. ધનરાજની શાળા થોડા દિવસો શા માટે બંધ રહી હતી ?

(૧) ઉનાળુ વૅકેશન શરૂ થયું હતું.

(૨) ખૂબ જ વરસાદ પડતો હતો.

(૩) શાળાના મકાનનું સમારકામ ચાલતું હતું.

૨. ધનરાજ દરજી પાસે શું સીવડાવવા ઈચ્છતો હતો ?

(૧) ખમીસ

(૨) કુર્તો

(૩) પાયજામો

૩. ધનરાજે પોતાનું ખમીસ ઉંદરોથી બચાવી રાખવાનું દરજીને શા માટે કહ્યું ?

(૧) ઉંદર ખમીસ ગંદુ કરી નાખશે માટે

(૨) ઉંદર ખમીસને કાતરી નાખશે માટે

(૩) ઉંદર ખમીસને ખેંચી જશે માટે

૪. ધનરાજ ખમીસ શા માટે જલદી માગતો હતો ?

(૧) તેની શાળા ખુલી ગઈ હતી માટે

(૨) ખૂબ જ વરસાદ પડતો હતો માટે

(૩) ઉંદરે તેના શર્ટને કાતરી નાખ્યું હતું માટે

૫. દરજીએ ઉંદરોએ કાતરેલા શર્ટને કઈ રીતે બરાબર કરી આપ્યું ?

(૧) તેને કાપીને

(૨) ખમીસને નાનું બનાવીને

(૩) કાણા પાડેલા ભાગને સાંધી આપીને

૬. ધનરાજનું ખમીસ નવું પણ લાગતું હતું અને જૂનું પણ લાગતું હતું શા માટે ?

(૧) નવા ખમીસને સાંધવામાં આવ્યું હતું માટે

(૨) નવું ખમીસ જૂના ખમીસના માપનું જ હતું માટે

(૩) ખમીસ જૂના કપડામાંથી બનાવવામાં આવ્યું હતું માટે

## વાચન

૭-૧૨ ઈસવીસન પ્રમાણે માસના દિવસોનો કોઠો જુઓ. તે આધારે પૂછેલા પ્રશ્નોના સાચા જવાબના વિકલ્પોના ક્રમ ઉપર ◯ ની નિશાની કરો.

| માસનાં નામ | દિવસો | માસનાં નામ | દિવસો |
|---|---|---|---|
| (૧) જાન્યુઆરી | ૩૧ | (૭) જુલાઈ | ૩૧ |
| (૨) ફેબ્રુઆરી | ૨૮ કે ૨૯ | (૮) ઑગસ્ટ | ૩૧ |
| (૩) માર્ચ | ૩૧ | (૯) સપ્ટેમ્બર | ૩૦ |
| (૪) એપ્રિલ | ૩૦ | (૧૦) ઑક્ટોબર | ૩૧ |
| (૫) મે | ૩૧ | (૧૧) નવેમ્બર | ૩૦ |
| (૬) જૂન | ૩૦ | (૧૨) ડીસેમ્બર | ૩૧ |

૭. દસમા મહિનાનું નામ શું છે ?

(૧) ડીસેમ્બર (૨) ઑક્ટોબર (૩) સપ્ટેમ્બર

૮. નીચે પૈકી ક્યા મહિનાના દિવસ ત્રીસ છે ?

(૧) ઑક્ટોબર (૨) ઑગસ્ટ (૩) એપ્રિલ

૯. ક્યા મહિનાના દિવસ સૌથી ઓછા છે ?

(૧) સપ્ટેમ્બર (૨) ફેબ્રુઆરી (૩) જૂન

૧૦. એક વર્ષમાં એકત્રીસ દિવસ વાળા કુલ કેટલા મહિના હોય છે ?

(૧) સાત (૨) ચાર (૩) છ

૧૧. ત્રીસ દિવસવાળા મહિનાઓમાં પહેલો મહિનો ક્યો છે ?

(૧) જાન્યુઆરી (૨) એપ્રિલ (૩) નવેમ્બર

૧૨. ક્રમિક રીતે પાસ પાસે આવતા કયા કયા બે મહિના ૩૧-૩૧ દિવસના છે ?

(૧) ઑક્ટોબર-નવેમ્બર (૨) ફેબ્રુઆરી-માર્ચ (૩) જુલાઈ-ઑગસ્ટ

૧૩-૧૮ જાહેરાત વાંચો અને આપેલા પ્રશ્નોના સાચા જવાબના ક્રમ ઉપર ◯ કરો.

# સુપર બજાર

**સસ્તામાં સસ્તા ભાવે**

**તાજાં ફળ અને શાકભાજીનું**

**વેચાણ હાલ ચાલુ છે.**



૧ કિલોના રૂ. ૨૦

**કેળાં**



૧ કિલોના રૂ. ૫૦

**સફરજન**



૧ કિલોના રૂ. ૪

**બટાકા**



૧ કિલોના રૂ. ૪

**મૂળા**



૧ કિલોના રૂ. ૧૨

**ફૂલાવર**



૧ કિલોના રૂ. ૭૦

**દ્રાક્ષ**



૧ કિલોના રૂ. ૩૦

**નારંગી**

**અઠવાડિયાના બધા જ દિવસે ખુલ્લું રહે છે**

૧૩. સસ્તામાં સસ્તું ફળ ક્યું છે ?

(૧) સફરજન

(૨) નારંગી

(૩) કેળાં

૧૪. સૌથી મોંઘી શાકભાજી કઈ છે ?

(૧) ફૂલાવર

(૨) મૂળા

(૩) બટાકા

૧૫. સુપર બજારમાં શું વેચાય છે ?

(૧) ચાર શાકભાજી અને ત્રણ ફળ

(૨) ત્રણ શાકભાજી અને ચાર ફળ

(૩) પાંચ શાકભાજી અને બે ફળ

૧૬. ક્યા ફળનો ભાવ સફરજનના ભાવ કરતાં વધારે છે ?

(૧) કેળું

(૨) દ્રાક્ષ

(૩) નારંગી

૧૭. કઈ બે વસ્તુઓના ભાવ એક સરખા છે ?

(૧) નારંગી અને કેળાનો

(૨) ફૂલાવર અને નારંગીનો

(૩) મૂળા અને બટાકાનો

૧૮. સુપર બજાર કેટલા દિવસ ખુલ્લું રહે છે ?

(૧) અઠવાડિયામાં પાંચ દિવસ

(૨) અઠવાડિયામાં છ દિવસ

(૩) અઠવાડિયામાં સાત દિવસ

## વાચન

૧૯-૨૪ **નીચેનો ફકરો વાંચો અને પૂછેલા પ્રશ્નોના જવાબના ક્રમ ઉપર ◯ કરો.**

**વરૂણની રોજનીશી**

**શુક્રવાર**

હું મોડો ઊઠ્યો તેથી ઉતાવળમાં હતો. મેં મારા ગણવેશ પર દૂધ ઢોળ્યું તેથી તે બદલવો પડ્યો. પિતાજી મારા પર ગુસ્સો થયા. હું થોડાક માટે બસ ચૂકી ગયો. મેં કસોટીમાં નબળો દેખાવ કર્યો. આખો દિવસ હું અસ્વસ્થ રહ્યો.

**શનિવાર**

સવારમાં વરસાદ હતો. હું બહાર રમવા જઈ શક્યો નહીં. હું ટી.વી. જોવા ઈચ્છતો હતો પણ રજાના દિવસે પણ મમ્મીએ ના પાડી. નાસ્તા માટે ઈડલી હતી. મને ઈડલી ભાવતી ન હતી. હું બપોરે ઊંઘી ગયો અને સાંજે પણ ખાસ કશું કર્યું નહીં.

**રવિવાર**

પિતાજી આજે અમને પર્યટન લઈ ગયા. માતાજીએ સ્વાદિષ્ટ ભોજન તૈયાર કર્યું. અમે ફૂટબોલ અને બીજી ઘણી રમતો રમ્યા. અમે તળાવમાં માછલીઓને ખવડાવ્યું. અમને ખૂબ મજા આવી.

૧૯. વરૂણ થોડાક માટે બસ ચૂકી ગયો કારણેક...
(૧) તે અસ્વસ્થ હતો (૨) તે મોડો ઊઠ્યો હતો. (૩) તે ઉતાવળમાં હતો.

૨૦. વરૂણ નાસ્તાની મજા લઈ શક્યો નહીં કારણકે....
(૧) તે સવારે વરસાદ હતો.
(૨) તે બહાર રમવા જઈ શક્યો ન હતો.
(૩) તેને ઈડલી ભાવતી ન હતી.

૨૧. રવિવારે વરૂણ કેવો લાગતો હતો ?
(૧) ખુશ (૨) કંટાળેલો (૩) ગુસ્સાવાળો

૨૨. નીચેનામાંથી શુક્રવાર માટે શું સાચું નથી ?
(૧) વરૂણ બસ ચુકી ગયો. (૨) વરૂણ મોડો ઊઠ્યો. (૩) વરૂણે તેના ગણવેશ ઉપર દૂધ ઢોળ્યું.

૨૩. વરૂણને રવિવારે મજા આવી કારણકે..
(૧) તે પર્યટને ગયો. (૨) વરસાદ હતો. (૩) તે તળાવમાં તર્યો.

૨૪. નીચે પૈકી કયું વાક્ય સાચું છે ?
(૧) માતા વરૂણ ઉપર ગુસ્સે થઈ.
(૨) શનિવારે શાળામાં રજા હતી.
(૩) વરૂણે તળાવમાં બતકને ખવડાવ્યું.

## લેખન

**૨૫. આપેલા વિષય ઉપર ચાર વાક્યો લખો.**

**'પતંગિયું'**